દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ
શનિવાર ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬

ખાસ ધ્યાન રાખો કે AI ચેટબોટ આરોગ્ય સેવાઓ માટે નથી, યુવતીએ જીવ ગુમાવ્યો

માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં ટેકનોલોજીએ ક્યારેય આટલી ઝડપે અને આટલા ઊંડાણપૂર્વક સામાન્ય માનવીના રોજિંદા જીવનમાં પ્રવેશ કર્યો નથી જેટલો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા થયો છે. પરંતુ જ્યારે આ 'ડિજિટલ સર્વજ્ઞાતા' માનવ જીવન અને મૃત્યુ વચ્ચેના અતિ સંવેદનશીલ ક્ષેત્ર એટલે કે આરોગ્ય અને તબીબી સારવારમાં પગપેસારો કરે છે, ત્યારે પરિણામો અત્યંત ભયાનક સાબિત થઈ શકે છે. તાજેતરમાં મિરગી (એપિલેપ્સી) જેવી ગંભીર બીમારીથી પીડિત એક યુવતીએ તબીબી પરામર્શ લીધા વગર માત્ર ChatGPT ની સલાહ પર પોતાની દવાઓના પ્રિસ્ક્રિપ્શનમાં ફેરફાર કર્યો અને તેનું દર્દનાક મોત નીપજ્યું.

આ કરૂણાંતિકા માત્ર એક વ્યક્તિગત નુકસાન નથી, પરંતુ સમસ્ત માનવજાત માટે એક લાલબત્તી સમાન ચેતવણી છે. તબીબી પ્રેક્ટિસ એ માત્ર પુસ્તકો કે ઇન્ટરનેટ પરના લેખો વાંચીને દવા આપવાનું કામ નથી. તે એક અત્યંત જટિલ વિજ્ઞાન અને કળાનો સમન્વય છે, જેને 'ક્લિનિકલ જજમેન્ટ' કહેવામાં આવે છે. જ્યારે કોઈ દર્દી ડોક્ટર પાસે જાય છે, ત્યારે ડોક્ટર માત્ર તેના મુખેથી બોલાતા લક્ષણો નથી સાંભળતા. તેઓ દર્દીની ઉંમર, વજન, પાછલી બીમારીઓ, કિડની અને લિવરનું કાર્યક્ષમતા સ્તર, રક્તના રિપોર્ટ્સ, અને સૌથી મહત્ત્વનું દર્દીનો બાહ્ય દેખાવ, નાડીના ધબકારા તથા આંખોની સ્થિતિ જેવા અનેક સૂક્ષ્મ પરિબળોનું પ્રત્યક્ષ મૂલ્યાંકન કરે છે.

એક જ બીમારી બે અલગ અલગ દર્દીઓમાં તદ્દન ભિન્ન લક્ષણો દર્શાવી શકે છે, અને એક જ દવા બે જુદા દર્દીઓ પર વિપરીત અસર કરી શકે છે. તેનાથી વિપરીત, AI ચેટબોટ પાસે દર્દીની કોઈ શારીરિક તપાસ કરવાની ક્ષમતા હોતી નથી. ચેટબોટ માત્ર દર્દી દ્વારા પ્રોમ્પ્ટમાં લખાયેલી મર્યાદિત માહિતી પર નિર્ભર રહે છે. જો દર્દી કોઈ મહત્ત્વનું લક્ષણ લખવાનું ભૂલી જાય, અથવા પોતાની સ્થિતિનું ખોટું વર્ણન કરે, તો AI તે અધૂરા ડેટાના આધારે તદ્દન ખોટી અથવા જીવલેણ સલાહ ઉત્પન્ન કરી શકે છે.

પ્રિસ્ક્રિપ્શન દવાઓ, ખાસ કરીને ન્યુરોલોજી (ચેતાતંત્ર), કાર્ડિયોલોજી (હૃદયરોગ), અને એન્ડોક્રિનોલોજી (હોર્મોન્સ) સંબંધિત દવાઓમાં ડોઝિંગનું ગણિત અત્યંત નાજુક હોય છે. AI મોડેલ આ તમામ જૈવિક પરિબળોને વાસ્તવિક સમયમાં માપી શકતું નથી.

આ દુર્ઘટના બાદ કોર્ટમાં કેસ દાખલ થવાથી હવે ટેકનોલોજી અને કાયદા વચ્ચેનો સંઘર્ષ સપાટી પર આવ્યો છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે, જ્યારે AI દ્વારા આપવામાં આવેલી ખોટી સલાહથી કોઈનું મૃત્યુ થાય, ત્યારે તેની ફોજદારી અને નાગરિક જવાબદારી કોની? ન્યાયતંત્ર સામે હવે એ નક્કી કરવાનો પડકાર છે કે શું ટેક કંપનીઓએ આવા જોખમી આઉટપુટ સામે યોગ્ય ગાર્ડરેલ્સ (સુરક્ષા કવચ) મૂક્યા હતા કે નહીં? જો કોઈ મોડેલ પ્રિસ્ક્રિપ્શન બદલવા જેવી સીધી તબીબી ભલામણો મુક્તપણે આપતું હોય, તો તે ટેકનિકલ બેદરકારી અને ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ ગંભીર ગુનો બને છે. જ્યારે કોઈ દર્દી મુશ્કેલીમાં હોય ત્યારે તેને ક્લિનિકલ અનુભવ અને માનવીય હૂંફની જરૂર હોય છે, જે કોઈ સર્વર કે ડેટા સેન્ટર પૂરી પાડી શકતું નથી. મશીન પાસેથી જીવનરક્ષક નિર્ણયોની આશા રાખવી એ પોતાની જાતને અંધારા કૂવામાં ધકેલવા સમાન છે.

નાગરિકોને એ સમજાવવું પડશે કે ગૂગલ સર્ચ કે AI ચેટબોટ માત્ર પ્રાથમિક સામાન્ય જ્ઞાન મેળવવા માટે છે, સારવાર માટે નહીં. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા થતા શારીરિક નુકસાન માટે ચોક્કસ ઉત્તરદાયિત્વ નક્કી કરતો વૈશ્વિક કાયદો બનવો જોઈએ, જેથી કંપનીઓ યુઝર સેફ્ટી સાથે કોઈ બાંધછોડ ન કરે.

ટેકનોલોજી માનવ સહાયક તરીકે વરદાનરૂપ છે, પરંતુ જ્યારે માણસ પોતાના જીવનની દોર અલ્ગોરિધમના હાથમાં સોંપી દે છે ત્યારે તે અભિશાપ બની જાય છે. એપિલેપ્સી પીડિત યુવતીનું અકાળ મૃત્યુ એ સાબિત કરે છે કે સોફ્ટવેરની ક્ષતિ કોડ સુધારીને ઉકેલી શકાય છે, પરંતુ તેના કારણે ગયેલો માનવ જીવ ક્યારેય પાછો લાવી શકાતો નથી. દવા એ વિજ્ઞાન છે અને જીવન અમૂલ્ય છે; તેનો નિર્ણય માત્ર અને માત્ર લાયકાત ધરાવતા તબીબના હાથમાં જ સુરક્ષિત છે

આ વિધાન પરિષદની જરૂર છે ખરી?

યુપી અને બિહાર સહિત કેટલાંક રાજ્યોમાં વિધાન પરિષદ એટલે કે એમએલસીની ચૂંટણી અને એનાં પરિણામોની ચર્ચા છે. ભાજપે સારી એવી બેઠકો મેળવી, કોન્ગ્રેસના હાથ ખાલી રહ્યા અને સપા, રાજદએ સારો દેખાવ કર્યો વિગેરે વિગેરે પણ આ ચર્ચા કરતાં ચર્ચા એ થવી જોઈએ કે, આ વિધાન પરિષદની જરૂર છે ખરી? વિધાન પરિષદ અત્યારે જે રીતે અને જેના માટે લદાય છે એ એના મૂળભૂત હેતુથી માઈલો દૂર છે અને કદાચ એટલે જ કેટલાંક રાજ્યોએ આ પ્રથા ક્યારની બંધ કરી છે. એકાદ રાજ્ય એવુંય છે કે, જેણે ફરી શરૂ પણ કરી.

પહેલાં તો એ જાણી લો કે, આ એમએલસીની શરૂઆત કોણે, શા માટે કરી? એની ક્રેડીટ અંગ્રેજોને આપવી પડે એમ છે. પ્રાંતોમાં વિધાનપરિષદની સત્તાવાર પ્રથા ૧૯૩૭માં અમલમાં આવી. ૧૯૩૫ના કાયદા હેઠળ ૧૯૩૭માં ભારતના ૬ પ્રાંતોમાં પ્રથમ વખત દ્વિગૃહી ધારાસભા સ્થાપવામાં આવી હતી. જેમાં ૧. બંગાળ ૨. બોમ્બે ૩. મદ્રાસ ૪. યુનાઈટેડ પ્રોવિન્સ ૫. બિહાર અને ૬. અસમ

આ પ્રથા બ્રિટિશ પાર્લામેન્ટ દ્વારા શરૂ કરવામાં આવી હતી એનું કારણ એ હતું કે,અંગ્રેજોએ પ્રાંતોને 'પ્રાંતિય સ્વાયત્તતા' આપી હતી. તેના ભાગરૂપે ભારતના મોટા અને મહત્ત્વના પ્રાંતોમાં વહીવટ પર અંકુશ રાખવા અને નીતિનિર્માણ માટે બ્રિટિશ મોડેલની તર્જ પર ઉપલું ગૃહ બનાવવામાં આવ્યું હતું.

આઝાદી પછી ૧૯૫૦માં ભારતીય બંધારણ અમલમાં આવ્યું ત્યારે પણ બંધારણ સભાએ આ સુવિધા ચાલુ રાખી અને રાજ્યોને પોતાની જરૂરિયાત મુજબ વિધાનપરિષદ રાખવા કે નાબૂદ કરવાનો અધિકાર આપ્યો.અત્યારે પ્રથા હાલમાં ૬ રાજ્યોમાં અમલમાં છે. ઉત્તર પ્રદેશ,બિહાર,મહારાષ્ટ્ર,કર્ણાટક,આંધ્ર પ્રદેશ અને તેલંગાણા.

વિધાનપરિષદ એ રાજ્યનું ઉપલું ગૃહ ગણાય છે. આ ગૃહ રચવા પાછળના મુખ્ય હેતુઓ તો સારા હતા. વિધાનસભા રાજકીય ઉત્સાહ કે ઉતાવળમાં કોઈ કાયદો પસાર કરી દે, તો વિધાનપરિષદમાં તેના પર ફરીથી વિગતવાર ચર્ચા-વિચારણા અને સમીક્ષા થાય છે, જેવિધાનપરિષદ દ્વારા આવા પ્રબુદ્ધ અને અનુભવી લોકોને રાજ્યના શાસન અને નીતિનિર્માણમાં ભાગીદાર બનાવી શકાય છે.

મહત્ત્વની વાત એ છે કે, આવા સારા હેતુઓ છે છતાં બધાં રાજ્યોએ કેમ આ પ્રથા શરૂ ના કરી. એનાંય કારણો છે. સૌથી મોટું કારણ આ વ્યવસ્થા ખર્ચાળ છે. આ સભ્યોનાં પગાર, ભથ્થાં, પેન્શન, ગૃહનું કાર્યાલય અને સ્ટાફનો મોટો ખર્ચ થાય છે.બીજું કે, કોઈપણ બિલને કાયદો બનતાં પહેલાં બંને ગૃહોમાંથી પસાર થવું પડે છે. જો વિધાનપરિષદ હોય, તો ચર્ચા અને સમીક્ષાના નામે કાયદા બનાવવાની પ્રક્રિયા ધીમી પડી જાય છે અને નીતિગત નિર્ણયો લેવામાં વિલંબ થાય છે અને મોટા ભાગે તો આ પ્રથાનો ઉપયોગ ઘણી વાર નિષ્ણાતોને લાવવાને બદલે ચૂંટણી હારી ગયેલા નેતાઓ કે પક્ષનાં વરિષ્ઠ કાર્યકરોને સત્તામાં ગોઠવવા માટે કરવામાં આવે છે.

પરિણામે મુખ્ય હેતુ હતો, તે સિદ્ધ થતો નથી. બીજું કે, કેન્દ્રમાં રાજ્યસભા પાસે ઘણી મહત્ત્વની સત્તાઓ છે, પણ રાજ્યમાં વિધાનપરિષદ પાસે વિધાનસભા જેટલી સત્તાઓ હોતી નથી. સામાન્ય બિલને પણ તે માત્ર અમુક સમય માટે રોકી શકે છે. આખરે તો વિધાનસભાનો નિર્ણય જ આખરી ગણાય છે તેથી ઘણાં રાજ્યો તેને Toothless House માને છે.

આ જ કારણોસર તમિલનાડુ, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશ જેવાં રાજ્યોએ ભૂતકાળમાં વિધાનપરિષદ નાબૂદ કરી દીધી હતી. સંવિધાન સભામાં પણ આંબેડકરજી સહિતના નેતાઓ વચ્ચે વિધાનપરિષદની ઉપયોગિતા અંગે ભારે ચર્ચા થઈ હતી. અત્યાર સુધીના અનુભવ પરથી કહી શકાય કે જો રાજકીય ઈચ્છાશક્તિ હોય તો આ ગૃહ ખરેખર ઉત્તમ કાયદાકીય સલાહ આપી શકે છે, પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં તે માત્ર એક વધારાનો રાજકીય પડાવ અને ખર્ચાળ વ્યવસ્થા બનીને રહી ગઈ છે.

ઉત્તર પ્રદેશ વિધાનપરિષદ અને તેના સચિવાલયના સંચાલન પાછળ વાર્ષિક અંદાજે ૬૦ થી ૮૦ કરોડ રૂપિયા સીધો ખર્ચ થાય છે. તો બિહારમાં વિધાનપરિષદમાં કુલ ૭૫ સભ્યો છે. દરેક સભ્યને વેતન અને વિવિધ ભથ્થાં મળીને દર મહિને આશરે ૧.૬૦ લાખથી

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

ભારતના મોટા અને મહત્ત્વના પ્રાંતોમાં વહીવટ પર અંકુશ રાખવા અને નીતિનિર્માણ માટે બ્રિટિશ મોડેલની તર્જ પર ઉપલું ગૃહ બનાવવામાં આવ્યું હતું

વધુ સીધા ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત તેમને ફ્રી આવાસ, વાહન સગવડ કે મુસાફરી ભથ્થું મળે છે અને સરકાર દર વર્ષે અંદાજે ૪૦ થી ૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરે છે.

આ જ કારણ છે કે ઘણાં અર્થશાસ્ત્રીઓ અને વિપક્ષી નેતાઓ એવું માને છે કે જે રાજ્યોની આર્થિક સ્થિતિ નબળી હોય અથવા જે રાજ્યો દેવા હેઠળ દબાયેલાં હોય, તેમના માટે આ પ્રકારનું બીજું ગૃહ ચલાવવું એ સરકારી તિજોરી પર એક વધારાનો બિનજરૂરી આર્થિક બોજ છે.

કેટલાંક રાજ્યોએ આ જ કારણોસર આ પ્રથા બંધ કરી. પશ્ચિમ બંગાળમાં વિધાનપરિષદ હતી, પરંતુ ત્યાંની સરકારે રાજકીય અને વહીવટી કારણોસર ૧૯૬૯માં વિધાનપરિષદને સત્તાવાર રીતે નાબૂદ કરી દીધી હતી. જો કે, ફરી એને પાછી લેવાની ચર્ચા શરૂ થઈ છે. તમિલનાડુમાં પણ લાંબા સમય સુધી દ્વિગૃહી ધારાસભા રહી હતી. પરંતુ રાજ્ય સરકારના ૧૯૮૬માં વિધાનપરિષદને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી. છે. ત્યાં આ પ્રથા ઘણાં વર્ષો પહેલાં બંધ કરાઈ હતી પરંતુ ૨૦૦૭માં તેને ફરીથી શરૂ કરવામાં આવી. ત્યાર બાદ ૨૦૨૦માં ફરીથી ત્યાંની વિધાનસભાએ તેને નાબૂદ કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો હતો. જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં ૧૯૫૭થી વિધાનપરિષદ કાર્યરત હતી. પરંતુ ઓક્ટોબર ૨૦૧૯ માં જમ્મુ અને કાશ્મીરનું વિભાજન કેન્દ્રશાસિત પ્રદેશમાં થતાં, આ વિધાનપરિષદ કાયમી ધોરણે સમાપ્ત કરી દેવામાં આવી. ટૂંકમાં આ પ્રથાનો હેતુ સારો હતો પણ બોર્ડ અને નિગમોની નિયુક્તિની જેમ જ વિધાન પરિષદ પણ હારી ગયેલા કે અમુક નેતાઓને ત્યાં ગોઠવી દેવાની પ્રથા બનીને રહી ગઈ છે.

મમતા બેનરજી ફરી મજબૂત બની રહ્યાં છે?

પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના પક્ષનો રકાસ થયો અને ભાજપ સત્તા પર આવ્યા બાદ તૃણમૂલ કોંગ્રેસમાં ઘણા વિખવાદ થયા છે અને સાંસદો, ધારાસભ્યો સહિતના નેતા પક્ષ છોડી ગયા છે.

કેટલાક નેતાઓ અગાઉ ગયેલા અને પાછા ફર્યા હતા એમાં મુકુલ રોયથી માંડી બાબુલ સુપ્રિયો સુધીનાં નામ ગણાવી શકાય. જો કે, છેલ્લી ચૂંટણી બાદ પણ ઘણાં લોકો મમતાનો સાથ છોડી ગયા છે. હવે ધારાસભ્ય હમીદુલ રહેમાને તૃણમૂલમાં પાછા ફરવાનો ઈશારો કર્યો છે. અણસાર આપ્યા છે. મમતાનાં બહુ વખાણ કર્યાં છે. ભાજપનો જેમને ખરાબ અનુભવ થયો છે અથવા તો બળવાખોરોનું જે અલગ જૂથ બન્યું છે એમાંય તડાં પડી શકે છે. શું મમતા ફરી મજબૂત બનશે? તૃણમૂલ કોંગ્રેસ ફરી બેઠી થઈ શકશે? અત્યારે તો કંઈ કહેવું વહેલું ગણાશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સાવધાન રહો

ગામમાં એક અનાથ છોકરો હતો. તે ગામના પાદરે આવેલી તૂટેલી ઝૂંપડીમાં રહેતો હતો. ગામના બધા લોકો તેને દયાભાવથી કોઈ ને કોઈ મદદ કરતા રહેતા. નાનકડા છોકરાને ચિત્રકળામાં બહુ રસ હતો. તે આખો દિવસ ધૂળમાં ચિત્રો દોરતો રહેતો.

થોડો મોટો થતાં તે ગામની દિવાલો પર ચિત્રો દોરવા લાગ્યો. તે ખૂબ સુંદર ચિત્રો બનાવતો હતો, એટલે બધા તેનાં વખાણ કરતા હતા. એક દિવસ મંદિરના પૂજારીએ છોકરાને ભગવાન શ્રીકૃષ્ણનું આબેહૂબ ચિત્ર દોરતો જોયો. પૂજારીએ કહ્યું, 'મારી સાથે ચાલ, આજથી તું મંદિરમાં રહેજે અને હું કહું એવાં ચિત્રો મંદિરની દિવાલો અને છત પર બનાવજે.' છોકરાને પૂજારીજીએ કૃષ્ણલીલાનાં નાનાં ચિત્રો બતાવ્યાં અને છોકરાએ થોડા જ દિવસોમાં એ બધાં ચિત્રો દિવાલો પર સુંદર રીતે આબેહૂબ દોરી લીધાં. દિવાલો શોભી ઊઠી અને મંદિરની છત પર તેણે અદભુત રાસલીલાનું ચિત્ર દોર્યું.

પૂજારીજીએ છોકરાનાં વખાણ કરતાં કહ્યું, 'વાહ બેટા! તને ઈશ્વરે સુંદર કળાનું વરદાન આપ્યું છે. આ પ્રતિભા ભગવાને આપી છે, તેનો હંમેશાં નતમસ્તક સ્વીકાર કરજે.'

છોકરાએ પૂછ્યું, 'એટલે?'

પૂજારીએ કહ્યું, 'એટલે કે હંમેશાં ભગવાનનો આભાર માનજે અને નમ્ર રહેજે.'

મંદિરમાં છોકરાએ દોરેલાં અદભુત ચિત્રો જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. લોકો તેને પોતાનાં ઘરે ચિત્રો દોરવા માટે બોલાવવા લાગ્યા. આજુબાજુનાં ગામોમાંથી પણ લોકો દર્શન કરવા આવતા અને છોકરાને પોતાને ત્યાં ચિત્રો દોરવાનું કામ આપતા. છોકરાને નામના મળી અને કામ પણ મળવા લાગ્યું. થોડા પૈસા પણ મળવા લાગ્યા.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

છોકરો પૂજારીજી પાસે ગયો અને કહેવા લાગ્યો, 'આ બધું તમારા કારણે થયું છે, બાકી મને કોણ ઓળખત?'

પૂજારીજીએ કહ્યું, 'મેં કંઈ નથી કર્યું. પ્રતિભા તને ભગવાને આપી છે અને ખ્યાતિ હવે સમાજ આપી રહ્યો છે, એટલે હંમેશાં સમાજનો પણ આભારી રહેજે.'

છોકરાનાં અદભુત ચિત્રોની વાત નગરના રાજા સુધી પહોંચી. નગરના રાજા તેણે દોરેલી કૃષ્ણલીલાનાં દર્શન કરવા પોતે પધાર્યા. ઇનામ આપતાં કહ્યું, 'તારી કળાથી રાજમહેલને સુંદર બનાવ. હું તને આજથી રાજચિત્રકાર બનાવું છું.'

વાત છોકરાને માનવામાં જ ન આવી કે રાજા તેને રાજચિત્રકાર બનાવશે!

તે પૂજારીજી પાસે ગયો અને બધી વાત કરી. પૂજારીજી બોલ્યા, 'બહુ સારી વાત છે કે તું રાજચિત્રકાર બનીશ, પણ હંમેશાં સાવધાન રહેજે.'

છોકરાએ કહ્યું, 'એટલે અત્યાર સુધી તમે મને ભગવાનનો અને સમાજનો આભાર માનવાનું કહેતા હતા. આજે રાજાનો આભાર માનવાનું નહીં, પણ સાવધાન રહેવાનું કહો છો. કેમ?'

પૂજારીજી બોલ્યા, 'બેટા, જીવનમાં જ્યારે પ્રતિભા હોય અને નામના મળે ત્યારે નમ્ર બની આભારી તો રહેવું જ જોઈએ, પણ બહુ મોટી પ્રગતિ મળે ત્યારે પોતાનાથી એકદમ સાવધાન થઈ જવું જોઈએ. મનથી જાગ્રત રહેવું જોઈએ, કારણ કે વધુ સફળતા સાથે મનની અંદર "હું સર્વશ્રેષ્ઠ છું" એવું અભિમાન જન્મે છે. આ મનોવૃત્તિ અને ઘમંડ પોતાની અંદરથી જ જન્મે છે. એટલે સાવધાન રહેજે, ક્યારેય અભિમાન કરતો નહીં.'

પૂજારીજીએ છોકરાને સાચી સમજ આપી.

કાશ્મીરમાં સરકારનું મંત્રીમંડળ વિસ્તરણ ઓમર અબ્દુલ્લા માટે બન્યું મુસીબત

સામાન્યપણે, મંત્રીમંડળનું વિસ્તરણ કે ફેરફાર શાસનમાં સ્થિરતા લાવવા, વડા પ્રધાન કે મુખ્ય પ્રધાનની પકડ મજબૂત કરવા અને નવી પ્રતિભાને તક આપવા માટે કરવામાં આવે છે. જો કે, શાસનની કટોકટી, સત્તાનાં બે કેન્દ્રો અને રાજકીય મહત્ત્વાકાંક્ષાઓને પહોંચી વળવા માટે આવી કવાયત કરવામાં આવે અને તેનું આયોજન કાળજીપૂર્વક ન થયું હોય, તો તે નુકસાનકારક સાબિત થાય છે.

આવી કવાયત સામાન્ય રીતે બધાને સંતુષ્ટ કરી શકતી નથી. કોઈ પણ ફેરફારમાં અસંતોષ વણાયેલો હોય છે. મુખ્ય વાત એ છે કે કેન્દ્રીય નેતૃત્વ ફેરફાર કરતાં પહેલાં નારાજગીના સ્તરને પારખી લે અને સંભવિત કટોકટીનો સામનો કરવા તૈયાર રહે.

જમ્મુ અને કાશ્મીરમાં ઓમર અબ્દુલ્લાની આગેવાની હેઠળની નેશનલ કોન્ફરન્સ (NC) સરકારમાં લાંબા સમયથી પ્રતીક્ષિત ફેરફારથી એવું લાગે છે કે કાં તો તે સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે હાથ ધરાયો હતો અથવા પક્ષ પર નિયંત્રણનો અભાવ હતો. શપથવિધિ પૂર્ણ થયાની થોડી વાર પછી જ અસંતોષના અવાજો ઊઠવા લાગ્યા હતા. બે વર્ષ જૂની સરકારમાં મર્યાદિત બેઠકો માટે મોટી સંખ્યામાં દાવેદારો હોવાથી અસંતોષની અપેક્ષા હતી, પરંતુ તે એવા સ્તરે પહોંચ્યો જેની ડૉ. ફારૂક અબ્દુલ્લાએ પણ કલ્પના નહીં કરી હોય. કેન્દ્ર સાથેની બેવડી શાસનપ્રણાલીને કારણે જરૂરી રાહત આપવાને બદલે આ ફેરફારથી અબ્દુલ્લા પિતા-પુત્રની મુશ્કેલીઓ વધી છે. કેન્દ્રના પ્રતિનિધિ તરીકે લેફ્ટનન્ટ ગવર્નર સતત તેમની નજર સમક્ષ છે. ઉપરાંત, 90 સભ્યોની વિધાનસભામાં 29 સભ્યો ધરાવતો ભાજપનો આક્રમક ધારાસભ્ય પક્ષ મુખ્ય પ્રધાનની ખુરશી પર નજર રાખીને કેન્દ્ર-એલજી જોડાણના હેતુને સમર્થન આપી રહ્યો છે.

27 ઓક્ટોબર, 2026ના રોજ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા દ્વારા અને તેમના કહેવા મુજબ 'વરિષ્ઠ અબ્દુલ્લાની સંપૂર્ણ પરામર્શ સાથે' હાથ ધરાયેલા મંત્રીમંડળના વિસ્તરણ અને ફેરફાર માટે 'પેન્ડોરાનું બૉક્સ ખોલવું' રૂઢિપ્રયોગ યોગ્ય સાબિત થાય છે. નેશનલ કોન્ફરન્સના ચાર નવા પ્રધાનો–અલી મોહમ્મદ સાગર, સુશ્રી શમીમ ફિરદોસ, મીર સાઈફુલ્લાહ અને અલ્તાફ વાની (કાલૂ)–ના સમાવેશથી મંત્રીમંડળ નવ પ્રધાનોની મહત્તમ કાનૂની મર્યાદા સુધી ભરાઈ ગયું, પરંતુ અબ્દુલ્લા પિતા-પુત્ર સામે નવા રાજકીય પડકારો ઊભા થયા.

તેઓ પહેલેથી જ શ્રીનગરના લોકસભા સાંસદ આગા સૈયદ રુહુલ્લાહ મેહદીના રૂપમાં વિદ્રોહનો સામનો કરી રહ્યા હતા. આ યુવા અને

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

મંત્રીમંડળમાં ચાર નવા ચહેરાઓના સમાવેશ બાદ વરિષ્ઠ નેતાઓની નારાજગી અને ખુલ્લેઆમ વિરોધથી અબ્દુલ્લા પરિવાર સામે નવા રાજકીય પડકારો ઊભા થયા

મહત્ત્વાકાંક્ષી નેતા ડૉ. અબ્દુલ્લાના દાવા સામે કે તેમણે રાજીનામું આપીને ચાલ્યા જવું જોઈએ, સતત જાહેરમાં સવાલો પૂછતા રહ્યા છે. 3 નવેમ્બર, 2026ના રોજ પક્ષમાંથી રાજીનામું આપવાની તેમની જાહેરાતે ફેરફારની મુશ્કેલીઓ વધારી છે.

સ્પર્ધામાંથી બહાર રહી ગયેલા વરિષ્ઠ નેતાઓએ ઝડપથી પોતાનો રોષ વ્યક્ત કર્યો, જે પક્ષની ભૂતકાળની પરંપરાથી વિપરીત છે. એનસીના સ્થાપક શેખ મોહમ્મદ અબ્દુલ્લાથી લઈને તેમના પુત્ર ડૉ. ફારૂક અબ્દુલ્લાના સમય સુધી આવા ખુલ્લા અસંતોષના કિસ્સા ભાગ્યે જ જોવા મળ્યા હતા. ઓમર અબ્દુલ્લાએ પણ અગાઉ આવી સ્થિતિનો સામનો કર્યો ન હતો.

ત્રણ વખત ધારાસભ્ય રહેલા અબ્દુલ મજીદ ભટ (લારમી) પત્રકારો સામે રડી પડ્યા, જોકે તેમણે પક્ષ ન છોડવાની પ્રતિજ્ઞા લીધી. સૌથી વરિષ્ઠ છ વખતના ધારાસભ્ય મુબારક ગુલે 'ભૂતકાળમાં વારંવાર પડતા મૂકવા' સામે તીવ્ર વિરોધ નોંધાવ્યો. તેમના સમર્થકોએ શ્રીનગર સ્થિત પક્ષના મુખ્યાલયની બહાર દેખાવો કર્યા. પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે કે પક્ષના વડા ડૉ. અબ્દુલ્લાએ ગુલને શાંત કરવા ઉતાવળમાં પક્ષના મહાસચિવ પદની ઓફર કરી હતી.

ગુલ ક્યાં સુધી જશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે, પરંતુ રાજકીય કારકિર્દીના અંતિમ ચરણમાં રહેલા નેતા માટે મંત્રીપદના વિકલ્પ તરીકે મહાસચિવનું પદ આકર્ષક ન પણ હોય.

ગુલના અસંતોષનું એક મોટું કારણ એ હોઈ શકે છે કે અન્ય વરિષ્ઠ એનસી નેતા અલી મોહમ્મદ સાગરનું સ્વાસ્થ્ય સારું ન હોવા છતાં તેમને મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવ્યા. તેઓ શપથ પણ મુશ્કેલીથી વાંચી શક્યા હતા. વધુમાં, સાગરના પુત્ર બાજુના મતવિસ્તારમાંથી ધારાસભ્ય છે, જ્યારે 2024ની વિધાનસભા ચૂંટણીમાં ગુલ પોતાના પુત્ર માટે ટિકિટ મેળવી શક્યા ન હતા. શ્રીનગરમાં બંને નેતાઓના રાજકીય પ્રભાવક્ષેત્ર નજીક હોવાથી સાગરના સમાવેશને ગુલે સકારાત્મક રીતે લીધો ન હોય તે સ્વાભાવિક છે.

હકીકતો બહાર ન આવે ત્યાં સુધી સાગર માટે કઈ બાબતે નિર્ણય લેવાયો તે જાણી શકાય નહીં, પરંતુ આ પરિસ્થિતિ ટાળી શકાય તેવી હતી. ગુલ મોટું પગલું ભરશે એવું લાગતું નથી, પરંતુ મુસ્લિમ બહુમતી ધરાવતા જમ્મુ અને કાશ્મીરમાં પ્રથમ વખત સરકાર બનાવવા પર નજર રાખી રહેલા ભાજપના રાજકીય પ્રયાસો પરિસ્થિતિને વણસાવી શકે છે. સાંસદ મેહદી પણ પક્ષના અસંતુષ્ટ તત્ત્વો માટે રેલીનું કેન્દ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના હિન્દુ બહુમતી ધરાવતા કેન્દ્રીય જમ્મુ પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતા એકમાત્ર મંત્રી, અપક્ષ ધારાસભ્ય સતીશ શર્માને પડતા મૂકવાનો નિર્ણય પણ મૂંઝવણભર્યો છે. આનાથી જમ્મુ સામેના 'પ્રાદેશિક પક્ષપાત'ના આક્ષેપોને ફરી બળ મળશે. ભાજપે બે લોકસભા અને 29 વિધાનસભા બેઠકો જીતીને જમ્મુને વધુ સારી સુવિધાઓ આપવાનું વચન આપ્યું હતું, પરંતુ તે દિશામાં નક્કર પરિણામો દેખાતાં નથી.

કાશ્મીર પ્રદેશે નેશનલ કોન્ફરન્સને પ્રચંડ જનાદેશ આપ્યો હતો, પરંતુ તેનો અર્થ એ નથી કે ડૉ. અબ્દુલ્લા કે તેમના મુખ્ય પ્રધાન પુત્ર જમ્મુ પ્રત્યેની ફરજો ભૂલી જાય. તેઓ કેન્દ્રીય જમ્મુના પ્રતિનિધિ તરીકે યુવાન અને ગતિશીલ સતીશ શર્માને જાળવી રાખી શક્યા હોત. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં આ પ્રદેશમાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ બંને ખાતું ખોલાવવામાં નિષ્ફળ રહ્યાં હતાં.

નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતા તરીકે ડૉ. અબ્દુલ્લાએ શર્માને ભવિષ્યના નેતા તરીકે તૈયાર કરવા માર્ગદર્શકની ભૂમિકા ભજવવી જોઈતી હતી. જોકે, રાજકીય મજબૂરીઓ, પ્રાદેશિક દબાણ અને કાશ્મીરમાં પોતાનો આધાર જાળવી રાખવાની દોડધામને કારણે અબ્દુલ્લા પરિવાર આવી ભૂલો કરવા મજબૂર બન્યો હોય એવું લાગે છે.

આશા છે કે તેઓ ભાજપની ચાલાક રણનીતિઓથી પોતાને બચાવવામાં સફળ થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

એશિયન પેરા ગેમ્સમાં ભારતની સિદ્ધિ

ભારત માટે આનંદની વાત છે કે રમતગમતના ક્ષેત્રમાં દેશના ખેલાડીઓ સતત નવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. એશિયાઈ ગેમ્સમાં ભારતે શાનદાર દેખાવ કરીને ચોથું સ્થાન મેળવ્યું હતું. તાજેતરમાં પૂર્ણ થયેલી એશિયન પેરા ગેમ્સમાં પણ ભારતીય ખેલાડીઓએ ૧૧૧ મેડલ મેળવી દેશનું ગૌરવ વધાર્યું છે. તેમાં ૩૦ ગોલ્ડ, ૩૫ સિલ્વર અને ૪૯ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. એક સમય હતો જ્યારે ઓલિમ્પિક હોય કે એશિયાઈ ગેમ્સ, ભારતને માંડ એકાદ મેડલ મળે તો પણ આપણે ખુશ થઈ જતા. આજે પરિસ્થિતિ બદલાઈ છે. ખાસ કરીને બાળાઓ, ટીનેજરો અને યુવાન યુવતીઓએ રમતગમતના ક્ષેત્રમાં પોતાની પ્રતિભા પુરવાર કરી છે. સરકાર અને વિવિધ સંસ્થાઓ તરફથી મળતી તાલીમ, પ્રોત્સાહન અને સાધનોને કારણે ખેલાડીઓ આગળ વધી રહ્યા છે. આદિવાસી યુવતીઓ પણ તીરંદાજી અને ભાલાફેંક જેવી રમતોમાં પોતાની કુશળતા બતાવી રહી છે. એક સમયે ચીન, જાપાન અને કોરિયા રમતગમતમાં અગ્રેસર ગણાતાં હતાં, પરંતુ હવે ભારત પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ મજબૂત બનાવી રહ્યું છે. ચોથું સ્થાન મેળવવું એ પણ મોટી સિદ્ધિ છે. ખેલાડીઓમાં પ્રતિભા અને મહેનતની કમી નથી, જરૂર છે તેમને યોગ્ય તાલીમ, સાધનો અને સતત પ્રોત્સાહન આપવાની. આ સુવિધાઓ મળે તો ભારતીય ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય મંચ પર દેશનું નામ વધુ રોશન કરી શકે છે.

સુરત - **જયા રાણા**

શું સરદારની એકતા ભુંસાઈ જશે?

ગુર્જરભૂમિના પનોતા પુત્ર અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ૩૧ ઓક્ટોબરે દેશ રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવશે. પરંતુ સવાલ એ છે કે શું આપણે સરદારના વિચારોને સાચા અર્થમાં જીવી રહ્યા છીએ કે પછી માત્ર દેખાડો કરી રહ્યા છીએ? એક તરફ ૧૮૨ મીટર ઊંચી સરદારની પ્રતિમા સામે એકતાના સોગંદ લેવાય છે, તો બીજી તરફ ચૂંટણી સમયે જાતિ, ધર્મ અને પ્રદેશના નામે સમાજમાં ભાગલા પડાવાય છે. સરદારે રજવાડાંઓને જોડીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું, જ્યારે આજનું સ્વાર્થલક્ષી રાજકારણ મતબેંક માટે સમાજને વહેંચી રહ્યું છે. પ્રતિમા ઊંચી કરવાથી વિચારો ઊંચા નથી થતા, એ માટે રાજકીય ઈમાનદારી જરૂરી છે. સરદારના નામે ગૌરવની વાતો થાય છે, પરંતુ મોટેરા સ્ટેડિયમનું નામકરણ બદલાયું ત્યારે સવાલો પણ ઊભા થયા હતા. સોશિયલ મીડિયા પર નફરત ફેલાતી હોય ત્યારે માત્ર એક દિવસ 'રન ફોર યુનિટી'માં દોડવાથી એકતા સ્થપાતી નથી. સરદારને સાચી શ્રદ્ધાંજલિ આપવી હોય તો નફરતની દીવાલો તોડીને દિલ જોડવાં પડશે. સરદારનું અખંડ ભારતનું સ્વપ્ન ત્યારે જ સાકાર થશે, જ્યારે એકતા માત્ર પ્રતિમામાં નહીં, દરેક ભારતીયના હૃદયમાં જીવંત રહેશે. બારડોલી સત્યાગ્રહમાં નારીશક્તિના સમર્થનથી 'સરદાર'નું બિરુદ મેળવનાર આ મહાન સપૂતને કોટિ કોટિ વંદન!

સુરત - **યુનુસ આર. શેખ**

ચૂંટણીની સાર્થકતા

ચૂંટણીને સમરાંગણ ન બનાવીએ પછી એ સાહિત્ય ક્ષેત્રની હોય કે રાષ્ટ્રની હોય. હરીફાઈ હોય તો એ પણ તંદુરસ્ત હોવી આવશ્યક. હાર જીતને ખેલદિલીપૂર્વક સ્વીકારી વિજેતા પક્ષને સહકાર આપવો જરૂરી બની જાય. મતદારોનો નિર્ણય સરઆંખો પર ચઢાવી બીજી વાર જીતની અપેક્ષા રાખી શકાય અને આત્મનિરીક્ષણ કરી વધુ સુધરવાના પ્રયત્નો કરી શકાય. એકમેક પર શાબ્દિક મર્મવેધી બાણ દ્વારા માનસિક હિંસા યોગ્ય ન કહેવાય. ઘણી વાર ચૂંટણી પહેલાં જ સર્વે પક્ષો સ્વયં અન્ય પક્ષથી કેટલા ગુણવાન છે,લાયક છે એની આત્મશ્લાઘા કરતા હોય છે! મતદારને ભવિષ્યમાં શું શું સગવડ આપીશું એનાં વચનો આપતા હોય છે, ચૂંટાયા પછી એ વચનો વિસ્મૃત પણ થઈ જાય! અત્ર, તત્ર, સર્વત્ર નાણાંનું જોર વર્તાય છે! મતદાર માટે કોને મત આપવો એ યક્ષપ્રશ્ન બની જાય છે. ઉમેદવારોએ મજબૂતાઈપૂર્વક સપનાં દેખાડયાં હોય છે! પરિવર્તન લાવીશું, જૂનું એ જ સોનું, અમારામાં વિશ્વાસ મૂકો, વિ. અનેક પ્રલોભનો રજૂ થયાં હોય છે. જીત્યા કે હાર્યા પછી સહકાર દ્વારા સભ્યોનું પ્રજાનું કલ્યાણ થાય એ જ ચૂંટણી સાર્થક ગણી શકાય.

સુરત - **નેહા શાહ**

જવાબદારી નક્કી કરવાનો સમય પાકી ગમો છે!

સુરત શહેરમાં લોકપ્રહરી તરીકે ગુજરાતમિત્ર દૈનિકની કામગીરી સરાહનીય છે. શહેરના સળગતા પ્રશ્નો જેવા કે કચરાના ઢગલા, ભાગળનો ટાવર વગેરે મુદ્દાઓને વખતોવખત પ્રકાશિત કરીને અખબાર લોકસેવાનું ઉમદા કાર્ય કરી રહ્યું છે. શહેરમાં રસ્તાઓનું રિપેરિંગ, ખાડા પૂરવા, કચરો દૂર કરવો, ટ્રાફિકની સમસ્યા, વૃક્ષારોપણ અને સ્ટ્રીટલાઈટની દેખરેખ જેવી પ્રજાની પાયાની સમસ્યાઓના ઉકેલ માટે કોર્પોરેટરોની જવાબદારી નક્કી કરવામાં આવી છે, પરંતુ તેઓ પોતાની ફરજ બજાવતા નથી, જે શરમજનક છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા નેતાઓની લોકપ્રિયતાના સહારે ભાજપના કોર્પોરેટરો સરળતાથી ચૂંટાઈ આવે છે, પરંતુ ત્યાર બાદ પાંચ વર્ષ સુધી પ્રજાથી દૂર રહે છે. પોતાના મતવિસ્તારમાં પ્રજાની તકલીફો સાંભળવા મુલાકાત લેતા પણ નથી. તેઓ નગરસેવકને બદલે કોર્પોરેટ સંસ્થાના ડિરેક્ટરની જેમ વર્તી રહ્યા છે. અમારા નાનપુરા કદમપલ્લી વિસ્તારમાં સોસાયટીઓના વર્ષો જૂના ડામરના રસ્તા બિસ્માર છે. અનેક વૃક્ષો કપાઈ ગયાં છે, પરંતુ અરજીઓ કરવા છતાં નવાં વૃક્ષો વાવવામાં આવતાં નથી. હવે કોર્પોરેટરોની જવાબદારી નક્કી કરવાનો સમય આવી ગયો છે. પ્રજાની વચ્ચે જઈને તેમની સમસ્યાઓ સાંભળે અને ઉકેલે તો જ સાચા અર્થમાં નગરસેવક કહેવાય. અન્યથા આવનારી ચૂંટણીઓમાં પ્રજા ભાજપના નામે જ મત આપતી રહેશે કે નહીં, એ મોટો સવાલ છે.

સુરત - **પદમા રાણા**

સમજણ બહારની વાત

જૂની ફિલ્મોમાં એક સંવાદ હતો, "કાનૂનના હાથ ખૂબ લાંબા હોય છે." આ વાત આજે પણ સાચી હોય એવું લાગે છે. થોડા દિવસો પહેલાં એક ફિલ્મ કલાકાર પર ખુલ્લેઆમ ગોળીબાર થાય છે અને ગણતરીના કલાકોમાં જ ગુનેગાર પકડાઈ જાય છે. ગણતરીના દિવસોમાં જ એક ગેંગ સ્વીકારે છે કે આ હુમલો અમારા તરફથી કરવામાં આવ્યો હતો. સમજવાની વાત એ છે કે આ ગેંગ લીડર અમદાવાદની સાબરમતી જેલમાં બંધ છે. જોગાનુજોગ, ભારતના આવા જ એક મોટા ગેંગસ્ટરની છેલ્લી જેલ પણ સાબરમતી જ હતી. બંનેનો મકસદ ફિલ્મ ઉદ્યોગ પર રોફ જમાવવાનો. શું હવે એવું નથી લાગતું કે માનવ અધિકાર, સરકાર અને ન્યાયતંત્ર ભેગાં મળીને કાયદામાં મોટા ફેરફાર કરે, જેથી દરેક તુકારામ મુંડે જેવા અધિકારીઓ દેશને મળે? બધા જ નેતાઓ આ વાત સમજે છે. મહાત્મા ગાંધીજીથી લઈને હાલના ગૃહમંત્રી સુધીના લોકોએ આ જેલને ખૂબ નજીકથી જોઈ છે, પરંતુ પહેલ કરવી એટલે ખુરશીનો ખતરો. શું આ લોકશાહીનો લાભ છે કે નુકસાન? Gen- Z એ તો વિચારવું જ પડશે, જો પોતાની પેઢીનું ભવિષ્ય સારું જોવું હશે તો. નહીં તો ગાંધીજીથી અમિતાભજી સુધી કોઈ ઝાઝો ફરક નથી.

સુરત - **જિજ્ઞેશ બક્ષી**

સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી

જો સરદાર પટેલે રજવાડાંઓને એક કરવા પ્રયત્ન ન કર્યા હોત તો બીજા રાજ્યમાં મુસાફરી કરવા વિઝાથી જરૂર પડતે. તેમણે ખેડા અને બારડોલી સત્યાગ્રહના સંદર્ભમાં પણ સરદાર પટેલથી ભૂમિકા પર પ્રકાશ પાડું તો આ આંદોલનનું નેતૃત્વ સરદાર પટેલે કરેલું અને ભૂમિકામાં રાહત અપાવવામાં સફળ રહ્યા. આ લડાઈઓએ તેમણે લોખંડ પુરુષ તરીકે ઓળખ અપાવી. સરદાર પટેલે તેના દઢ નેતૃત્વ અને વ્યૂહરચનાઓ દ્વારા ભારતને એક મજબૂત અને અંખડ રાષ્ટ્ર તરીકે ઊભું રાખ્યું. 562 રજવાડાંઓને અલગ અલગ વિચાર-સરણીવાળાને ભેગા કરવું લોખંડના ચણા ચાવવા બરાબર છે.

સુરત - **મહેશ આઈ. ડોકટર**